# ધાનેરામાં કોંગ્રેસની સભાનો ફિયાસ્કો

## ધાનેરાના કોંગ્રેસી કાર્યકર્તાઓ પરથીભાઇથી નારાજ : સભામાં એક પણ કાર્યકર્તા ન રહ્યા હાજર

ધાનેરા વિસ્તારમાં આજે કોંગ્રેસના ઉમેદવાર દ્વારા વિવિધ જગ્યા ઉપર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ સભામાં ૫૦, ૧૦૦ અને ૧૫૦ જેટલા લોકો આવતા ઉમેદવારને ફટાફટ સભા પુરી કરી ચાલતી પકડી હતી અને સભાનો ફિયાસ્કો થયો હતો. તો બીજી તરફ ધાનેરા સ્થાનિક કાર્યકર્તાઓ ન દેખાતા લોકોમાં અનેક તર્ક વિતર્ક જોવા મળ્યા હતા.

કોંગ્રેસ પક્ષ ધ્વરા જ્યારથી બનાસકાંઠા જિલ્લામાં ઉમેદવાર તરીકે પરથીભાઇ ભટોળનું નામ જાહેર કર્યું છે ત્યારથી અનેક વિવાદો સામે આવ્યા છે અને કદાચ આ વિવાદોના કારણે કોંગ્રેસે બનાસકાંઠા જિલ્લાની સીટ ગુમાવવી પડે તો પણ કોઈ નવાઈની વાત નથી ત્યારે આજે ધાનેરા વિસ્તારમાં પરથીભાઇ ભટોળ દ્વારા વિવિધ જગ્યા ઉપર સભા સંબોધવામાં આવી હતી. જેમાં સવારે ધાનેરાના ધારાસભ્ય નાથાભાઈ પટેલના ગામમાં સભા સંબોધવામાં આવી હતી. જ્યાં માત્ર ૧૦૦ થી ૧૫૦ લોકો હાજર હતા અને તે બાદ ધાનેરાના થાવર ગામે સભા સંબોધવામાં આવી હતી. ત્યાં પણ માત્ર ૫૦ લોકો હોવાથી પરથીભાઈએ ૧૫ મિનિટમાં સભા પુરી કરી ચાલતી પકડી હતી. ધાનેરા વિસ્તારમાં પરથીભાઈની સભામાં કોંગ્રેસનો એકપણ કાર્યકર્તા નજરે ન ચડતા લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે તો બીજી તરફ એવું પણ જાણવા મળી રહ્યું છે કે ધાનેરા વિસ્તારના તમામ કાર્યકર્તાઓ પરથીભાઈથી નારાજ હોય તેવું લાગી રહ્યું છે અને ત્યાની પરથીભાઈની સભા જ બતાવી રહી છે કે પરથીભાઇ કેવી રીતે જીતશે. કોંગ્રેસ દ્વારા તાલુકા મથકે વિવિધ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે પરંતુ કેટલીક કાર્યાલય ખાલીખમ જોવા મળી રહી છે વાત કરવાં આવે ધાનેરા કાર્યાલયની ધાનેરા કાર્યાલયમાં કાગડા ઉડતા જોવા મળી રહ્યા છે અને કાર્યકર્તાઓ જણાવી રહ્યાં છે કે કોંગ્રેસ કાર્યાલયમાં ચા અને પાણીના પણ ફાંફા છે અત્યારે ધાનેરામાં એક કોંગ્રેસના કાર્યકર્તાઓનો ઓડિયો કલીપ વાઇરલ થઇ છે જેમાં કાર્યકર્તાઓ પરથીભાઈથી નારાજ છે તેવી વાતો કરી રહ્યા છે.

## ભાજપાના ઉમેદવાર પરબતભાઈ પટેલનો ધાનેરામાં વિશાળ રોડ શો યોજાયો




ધાનેરા, તા. ૧૯

લોકસભાની ચૂંટણીનું પ્રચારકાર્ય ચરમસીમા પર છે ત્યારે આજે ભારતીય જનતા પાર્ટીના લોકપ્રીય ઉમેદવારશ્રી પરબતભાઇ પટેલે આજે ધાનેરા શહેરમાં રોડ શો યોજીને પ્રચારકાર્ય વેગવંતુ બનાવેલ.

યુવાનો સાથેની વિશાળ જનમેદની સાથે શ્રી પરબતભાઇ આજે ધાનેરા નગરના માર્ગો પર રોડ-શો મારફતે પ્રજાને મળ્યાં હતા. તેમની સાથે ડીસા માર્કેટના ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ અને સ્થાનીક અગ્રણીઓ જોડાયા હતા.

## પાલનપુર ખાતે કમલ મહેદી કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧૯

લોકસભા ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા પ્રચાર પ્રચાર અર્થે પાલનપુર શહેરનાં વોર્ડ નં. ૧ નગરપાલિકા ઉપપ્રમુખ હેતલબેન રાવલ તેમજ પૂર્વ ધારાસભ્ય રેખાબેન ખાણેશાના અધ્યક્ષ સ્થાને ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં બહેનોના હાથમાં કમળ મહેદી મૂકવાનો કાર્યક્રમ યોજાયો. જેમાં ઘણી જ બહેનોની હાજરી હતી અને પોતાના હાથણાં કમળનું નિશાન મૂકી ભાજપની તરફેણમાં મતદાન કરવા અનુરોધ કર્યો છે.

## સાંપડ મંદિર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાંપડ ખાતે આવેલ શ્રી મહાકાળી માતાના મંદિર ખાતે ચૈત્રી પૂનમના પ્રવિત દિવસે પોતાના ક્લિનિકો બંધ રાખી મંદિર સંકુલમાં વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં



પૂનમના રોજ સર્વરોગ નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હજારો માઈભકતોએ માના દર્શન કરી વિનામુલ્યે યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પ નો લાભ લીધો હતો.

પ્રાંતિજ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ સાંપડ ખાતે મંદિર વ્યવસ્થાપકો તથા શ્રી ઓર્થોપેડીક હોસ્પિટલ ચિલોડા ના ડાૅ.અમિત શર્મા, આંખના ડાૅ.બામણીયા તથા વિવિધ ડાૅકટરોની ટીમો દ્વારા મંદિર આવ્યું હતું આંખ, કમર, હાથપગ સહિતના દુખાવા સહિત ની સારવાર અને રાહત દરે ચશ્મા તથા વિનામુલ્યે ઓર્થોપેડીક દવાઓ પણ આપવામાં આવી હતી તો પૂનમના દિવસે મંદિરમાં આવેલ હજારો માઈભકતો એ માના દર્શન કરી વિનામુલ્યે સેવાઓ લાભ લઈને ધન્યતા અનુભવી હતી તો સાંપડ મંદિર ટ્રસ્ટી જયંતિભાઈ પટેલ દ્વારા પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

### અરવલ્લી સહિત સાકરીયામાં આવેલી અલૌકિક

# સુતેલા હનુમાન મંદિરમાં હનુમાન જયંતિની ઉજવણી

મોડાસા, તા. ૧૯

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં આવેલા હનુમાનજી મંદિરો રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા બંને જીલ્લામાં ઠેર ઠેર હનુમાન



દાદાના દર્શનાર્થે મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી ભારતમાં માત્ર બે જ સ્થળે આરામની મુદ્રામાં રહેલા હનુમાનજીની મૂર્તિના દર્શન થાય છે. એક અલ્હાબાદના ત્રિવેણી સંગમ ખાતે અને બીજા અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામમાં આવેલા મંદિરમાં સુતેલા ભીડ ભંજન હનુમાનજીના અલૌકિક દર્શન થાય છે સાકરીયા હનુમાન મંદિર અને સુતેલી મુદ્રામાં રહેલા હનુમાન દાદા પાંડવ કાળથી બિરાજમાન છે રાજ્યમાં એક માત્ર સુતેલા હનુમાનજીનું અતિપ્રાચીન ભીડભંજન મંદિરે હનુમાનજીના જન્મોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

સાકરીયા હનુમાન મંદિર ના ગર્ભગૃહ અને મંદિર પરિસરને ફૂલ અને રોશનીથી શણગારાયા હતા જયારે હનુમાન જયંતી નિમિત્તે ભગવાનને બદામ,કાજુ જેવા સૂકા મેવાનો ભોગ ધરાવાયો હતો સુતેલા હનુમાનદાદાની અલૌકિક મૂર્તિને સોના-ચાંદી અને હીરાજડિત આભૂષણો નો શણગાર સજ્યો હતો આ પ્રસંગે મારુતિ યજ્ઞ પણ કરાયો હતો જેમાં ૧૦૦ પરિવારોએ યજ્ઞ પૂજામાં બેસી પુજાવિધિનો લાભ લીધો હતો ૨૫ હજાર થી વધુ શ્રદ્ધાળુઓ હનુમાન દાદાના દર્શનાર્થે ઉમટ્યા હતા અને મહાપ્રસાદ નો લાભ લીધો હતો હનુમાન મંદિરોમાં મહા આરતી અને લઘુરુદ્ર નું આયોજન કરવામાં આવ્યું હતુંહ ચૈત્ર પૂનમ હોવાથી સુપ્રસિદ્ધ ઈટાડી મંદિરે અને શામળાજી મંદિરમાં ભકતોનું ઘોડાપુર ઉમટ્યું હતું.

# ભિલોડા તાલુકામાં હનુમાનજી મહાવીર જન્મ જયંતીની શ્રદ્ધાભેર ઉજવણી

ભિલોડા,તા.૧૯

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં હનુમાનજી મહાવીર જન્મ જયંતીની ભક્તિભાવ પુર્વક શ્રધ્ધાભેર ઉજવણી યોજાઈ હતી. શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં દર્શનાર્થે ભાવિક ભક્તોના ઘોડાપુર વહેલી સવારથી જ ઉમટ્યા હતા. શ્રી રામચંદ્ર ભગવાન મર્યાદા પુરૂષોત્તમને પણ હનુમાનજીએ ઋણી રાખ્યા હતા. શ્રી હનુમાનજી મહાવીરની જન્મ જયંતી નિમિત્તે મંદીરોમાં,ધાર્મિક સ્થાનોમાં ધાર્મિક કાર્યક્રમો ભક્તિભાવ પુર્વક યોજાયા હતા. શ્રી હનુમાનજી મહાવીરની જન્મ જયંતી નિમિત્તે ભાવિક ભક્તોએ સંગીતમય સુંદરકાંડના પાઠ,મારૂતી યજ્ઞ,હનુમાન ચાલીસા ગાનની શુરાવલીમાં ભાવિક ભક્તો તલ્લીન બન્યા હતા.પવન પુત્ર હનુમાન જયંતીની શ્રધ્ધાભેર, ભક્તિભાવ પુર્વક, ધામધુમથી ઉજવણી યોજાઈ હતી. શ્રી રામભક્ત હનુમાનજીના મંદીરોમાં દર્શનાર્થે વહેલી સવારથી જ ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા.



અત્ર-તત્ર-સર્વત્ર હનુમાનજીના મંદીરોમાં પુજા, અર્ચના, આરતી કરી ધન્યતા ભાવિક ભક્તોએ અનુભવી અને મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભિલોડા તાલુકાના રાણી-ઓડ ગામમાં બાળ સ્વરૂપ હનુમાનજી મંદીરમાં હનુમાન જયંતીની ધામધુમ પુર્વક ઉજવણી યોજાઈ હતી. ભિલોડાના રોકડીયા હનુમાન મંદીર,મોહનપુરના રૂડા હનુમાન મંદીર, પહાડાના ઈચ્છાપુર્ણ બાલ બ્રહ્મચારી હનુમાન મંદીર, ભેટાલી ગામના ભીડ ભંજન હનુમાન મંદીર, ઘાંટી ગામના શ્રી કષ્ટભંજન દેવ હનુમાન મંદીર સહિત ઠેર-ઠેર હનુમાનજીના મંદીરોમાં ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. શ્રી હનુમાનજી મહાવીરના મંદીરોમાં જય જય બજરંગબલીનો જયજયકાર સહિત રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી....નો નાદ વહેલી સવારથી જ મંદીરોમાં ગુંજતો હતો. ભિલોડા-મોહનપુર રૂડા હનુમાનજી મંદીરે ભાવિક ભક્તો દર્શનાર્થે વહેલી સવારથી જ ઉમટ્યા હતા. સેવાભાવી ભક્તો ધ્વારા બુંદીના પ્રસાદનું વિતરણ કરાયું હતું. શ્રી અંજની પુત્ર હનુમાનજી મહાવીરના મંદીરોમાં મારૂતી યજ્ઞ,સુંદરકાંડ પાઠ,હનુમાન ચાલીસાનો પાઠ તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

### સાબરકાંઠા-અરવલ્લીમાં મતદાન જાગૃતિ માટે

# જિલ્લાના જાહેર માર્ગો પર “અબ વતન દબાયેગા બટન”ના સ્લોગન લાગ્યાં

મોડાસા, તા. ૧૯

સાબરકાંઠા ચૂંટણીતંત્ર દ્વારા લોકશાહીના પર્વમાં લોકસભાની બેઠક પર મતદારો મતાધિકારનો મતદારો સહભાગી બની લોકસભાની ચૂંટણીમાં મતદાન કરે તેમાટે પેમ્પફ્લેટ વહેંચી ઘરે-ઘરે મતદારો સુધી પહોંચી રહ્યા છે. સ્લોગન લખી ઘર ઘર સુધી મહિલાઓ ને મતદાન કરવા અપીલ કરી છે ચુટંણી પંચ દ્વારા વધુ એક વખત અમુલ દુધની કોથળી






ઉપયોગ કરે અને લોકશાહીના પર્વમાં જોડાય અને મતદારોમાં જાગૃતિ વધે તેમાટે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના જાહેર માર્ગો પર “અબ વતન દબાયેગા બટન” ના કલર થી સ્લોગન પેન્ટિંગ કરવામાં આવ્યા છે અમુલ ડેરી દ્વારા અમુલ દુધની કોથળી પર “૨૩મી એપ્રિલે ગુજરાત મતદાન કરશે” ના સ્લોગન સાથેની દૂધની થેલીઓ જોવા મળી રહી છે લોકસભાની ચૂંટણીને આડે હવે માંડ ૪ દિવસ બાકી રહ્યા છે પરંતુ મતદારોમાં લોકશાહી પર્વનો ઉત્સાહ જોવા ન મળતા ઉમેદવારો ચિંતિત બન્યા છે.

વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને સેવાકીય સંસ્થાઓ પણ લોકશાહી પર્વની ઉજવણીમાં સાબરકાંઠા જિલ્લામાં લોકસભાની ૨૦૧૯ ની ચુટંણી નો શંખનાદ વાગી ચુક્યો છે અને આગામી ૨૩મી એપ્રિલ ના રોજ મતદાન માટે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચુટંણી તંત્ર દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાજનોમાં મતદાન અંગે જાગૃતિ વધે અને વધુમાં વધુ મતદાન થાય એવાં શુભ આશય સાથે ઠેરઠેર અનેકવિધ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યાં છે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં કોઈ મતદાર મતદાર કરવાથી વંચિત ન રહી જાય તે માટે અવશ્ય મતદાન કરવાનો સંદેશ પહોચાડવામાં આવી રહ્યો છે ચુટંણી પંચે તાજેતરમાં જ ગેસ સિલિન્ડર પર મતદાન જાગૃતતા પર ‘૨૩મી એપ્રિલે ગુજરાત મતદાન કરશે’ અને હિમંતનગર શહેરના વિવિધ જાહેર માર્ગો ઉપર અને સરકારી કચેરી પાસે ‘અબ વતન દબાયેગા બટન’ ના સ્લોગનો લખવામાં આવ્યાં છે ત્યારે મતદાન જાગૃતિ અંગે ના સ્લોગન લખાયેલ દુધની પ્લાસ્ટિકની કોથળીઓનુ વેચાણ થઈ રહ્યું છે તેમજ જાહેર માર્ગો અને સરકારી કચેરીઓ પાસે ‘અબ વતન દબાયેગા બટન’ના સ્લોગન પ્રજાજનો વાચી રહ્યાં હોવાનું નજરે પડી રહ્યું છે ટુકંમા એવું જરૂર કહી શકાય કે, આ વખતની લોકસભાની ચૂંટણીમાં મતદારો માં જાગૃતિ વધે અને વધુમાં વધુ પ્રમાણમાં મતદાન થાય એવા પ્રયાસો ના ભાગરૂપે ચુટંણી તંત્ર કામે લાગી ગયું છે.

# પ્રાંતિજના રાસલોડ ખાતે હનુમાન મંદિરમાં હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ હનુમાન મંદિરોમા હનુમાન જયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી તો રાસલોડ ખાતે આવેલ શ્રી કષ્ટ ભંજન હનુમાનજી મંદિર ખાતે પણ ભકતોનુ ધોડા પુર જોવા મળ્યું હતું.

પ્રાંતિજના રાસલોડ ખાતે આવેલ શ્રી કષ્ટ ભંજન હનુમાન મંદિર ખાતે પણ હનુમાન જયંતિની દર વરસ ની જેમ આ વર્ષ પણ ઉજવણી કરવામાં આવી હતી તો મંદિર સંકુલ સહિત રંગબેરંગી લાઈટો થી રોશની કરવામાં આવી હતી અને દિવસ દરમિયાન મંદિર સંકુલ માં હવન, રામધૂન, હનુમાનચાલીસા, લઘુરૂદ્ર, સુંદર કાર્ડ જેવા કાર્યક્રમો યોજાયા હતાં તો પ્રાંતિજ સહિત તાલુકામાંથી હજારો ની સંખ્યા માં હનુમાન ભક્તો એ દાદા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો અહીં મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, મુંબઈ, બરોડા સહિત દુર દુર થી હનુમાન ભકતો દર વર્ષે વરસમાં એકવાર તો



આવે છે તો મંદિર વ્યવસ્થાપક રઈશભાઈ કસ્બાતી હનુમાન ભક્તોને દર્શન સહેલાઈથી થાય તે માટે મંદિરમાં સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી તો દિવસ દરમ્યાન હજારો ભક્તોએ દાદાના દર્શન કરી પ્રસાદ સ્વરુપે ભોજન લઈને ધન્યતા અનુભવી હતી તો પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ હનુમાન મંદિર ખાતે પણ વહેલી સવાર થી જ હનુમાન ભકતો ની ભીડ જામી હતી તો મંદિર ખાતે હવન સહિતના કાર્યક્રમો યોજાયા હતાં તો બજાર ચોક દેસાઈ ની પોળ આગળ આવેલ હઠીલા હનુમાન મંદિર ખાતે પણ હવન સહિત ના કાર્યક્રમો યોજાયા હતાં.



## ખેડબ્રહ્મા વાળંદ સમાજ દ્વારા પાટોત્સવ ઉજવાયો

ગુરુવારના રોજ લીંબચમાતાનો ૧૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પાટોત્સવ નિમિત્તે સવારે લીંબચ માતાની મહાપૂજા તથા મહાપ્રસાદના દાતા તરીકે વાળંદ શામલભાઈ ભીખાભાઈ પરિવારે ધર્મલાભ લીધો હતો ત્યાર બાદ માતજીની શોભાયાત્રા મંદિરેથી નીકળી પેટ્રોલપંપ, લક્ષ્મીપુરા ચાર રસ્તા, માણેક ચોક, સરદાર ચોક થઈ પરત મંદિર પહોંચી હતી, આ પ્રસન્જ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ચૈત્રી પૂનમના મેળાના બીજા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન





મહેસાણા, તા. ૧૯

દેશની આધશક્તિપીઠોમાંનું સ્થાન છે તેવા જગપ્રસિધ્ધ બહુચરાજી માતાજીના સાનિધ્યમાં ચૈત્રી પુનમના પરંપરાગત મેળાનું અનેરૂ માહત્મય છે. ચૈત્રી પૂનમના મેળાનું ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ અનેરું હોવાથી માઈભક્તો મા બહુચરના દર્શન કરી ધન્યતા અનુભવા હતા. ત્રણ-ચાર દિવસ અવિરત ઉમટી રહેલાં ભાવિક ભક્તોના કારણે બહુચરાજી અને બહુચરાજીને જોડતાં માર્ગો પર ભક્તોની ભીડ જોવા મળી હતી

બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા આયોજીત ત્રિ-દિવસીય બહુચરાજી મેળાના બીજા દિવસે ગુજરાત રાજ્ય નાટ્ય સંગીત અકાદમની આર્થિક સહયોગથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકડાયરાના કલાકાર વિક્રમભાઈ લાબડીયા સહિત વિવિધ કલાકારો દ્વારા ડાયરાના કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાતના લોકજીવનમાં મેળાઓનું વિશેષ મહત્વ રહેલું છે.જેમાં બેચરાજીનો મેળો ચુંવાળ પથક તેમજ માઈ ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યો છે. મુખમાં માનું નામ... હાથમાં ધજા અને હૈયામાં અપાર શ્રદ્ધા સાથે ચલો બુલાવા આયા હૈ... માતાને બુલાયા હૈ... બોલ માડી બહુચર જય... જય બહુચરના જયઘોષ સાથે માતાજીના સાનિધ્યમાં ભક્તો માથું ટેકવતા જોવા મળ્યા હતા

# દેઘરોટા પાસે બાઈકને અજાણ્યા વાહને ટક્કર મારતા બે ના મોત

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર-વિજાપુર રોડ પર ગુરૂવારે બાઈક લઈ જઈ રહેલા ચાલકને અજાણ્યા વાહને ટક્કર મારતા બે જણાના મોત નિપજ્યા હતા. જે અંગેની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પોલીસ સુત્રોમાં જણાવાયા મુજબ ઈડર તાલુકાના નાના કોટડા ગામના મનોજભાઈ ભીખાભાઈ તથા કિંજલબેન મનોજભાઈ રાવત બાઈક નં. જીજે.૦૯.એએ.૯૩૯૫ પર બેસી વિજાપુર તરફ જઈ રહ્યા હતા ત્યારે દેઘરોટા બસસ્ટેન્ડ પાસેથી તેઓ પસાર થઈ રહ્યા હતા. ત્યારે સામેથી આવતા અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી બાઈકને ટક્કર મારતા મનોજભાઈ રાવત તથા તેમની પુત્રી કિંજલબેનને ગંભીર ઈજા થઈ હતી.

જેથી બંનેના મોત નિપજ્યા હતા. જે અંગે નાના કોટડા ગામના કાંતીભાઈ નાથાભાઈ રાવળે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ડીસામાં રોમિયોના ત્રાસથી સગીરાનો આપઘાતનો પ્રયાસ

ડીસામાં એક રોમિયોના ત્રાસથી સગીરાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.સગીરાના કાકાએ તેને બચાવી હતી.બાદમાં સારવાર માટે સગીરાને ડીસા સીવિલ બાદ પાલનપુર ખાતે ખસેડવામાં આવી હતી.

ડીસા તાલુકા કોટડા ગામે એક ૧૬ વર્ષની સગીરાએ આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી હતી.જોકે આ દરમ્યાન સગીરાના કાકા તેને જોઈ જતા તેને બચાવી લીધી હતી.સગીરાને સારવાર માટે ડીસા સિવિલ બાદ પાલનપુર ખાતે ખસેડવામાં આવી હતી.આ અંગે સગીરાએ જણાવ્યું પ્રતીક ઠક્કર નામના યુવક તેને છેલ્લા ત્રણ વર્ષથી તેને ત્રાસ આપતો હતો.

# મોજાડીયા રોડ પરથી ૫૧ હજારનો દારૂ અને બિયર પકડાયો

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠામાં અત્યારે લોકસભાની ચૂંટણીને લઈને કડક આચારસંહીતાનો અમલ તંત્ર દ્વારા કરાઈ રહ્યો છે. ત્યારે વિજયનગર પોલીસે બાતમીને આધારે ગુરૂવારે મોજાડીયાથી પાડેળા જતા રોડ પરથી એક વાહનમાં લઈ જવાતો રૂ. ૫૧ હજારની કિંમતનો પાસ પરમીટ વિનાનો દારૂ અને બિયરનો જથ્થો પકડી લીધો હતો. ત્યારબાદ વિજયનગર પોલીસે વાહન મુકીને ભાગી ગયેલા અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરી હતી.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે વિજયનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે એવી બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી એક વાહનમાં અજાણ્યો ચાલક પાસ પરમીટ વિના દારૂ અને બિયરનો જથ્થો લઈને આવી રહ્યો છે જે આધારે વિજયનગર પોલીસે મોજાડીયાથી પાડેળા જતા રોડ પર નાકાબંધી કરીને વાહન ચેકિંગ હાથ ધર્યું હતુ.

દરમ્યાન રાજસ્થાન તરફથી આવી રહેલ જીપ નં. જીજે.૫.સીડી.૬૯૫૮ને જોઈને પોલીસે તેને ઉભી રખાવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ જીપનો ચાલક પોલીસને જોઈને આગળ ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે જીપનો પીછો કરતા જીપના ચાલકે જીપને રોડની સાઈડમાં ઉભી રાખી ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે તપાસ કરતા તેમાંથી રૂ. ૫૧ હજારની કિંમતનો પાસ પરમીટ વિનાનો દારૂ અને બિયરનો જથ્થો હાથ લાગ્યો હતો. તેથી વિજયનગર પોલીસે દારૂ બિયર તથા જીપ મળી અંદાજે રૂ. ૨.૫૧ લાખનો મુદ્દામાલ કબજે લઈ જીપ મુકી ભાગી ગયેલા ચાલક વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.